Paper Code - 3562

B.A. Semester-III (Sociology)
July-September-2021

CE -303 : Social Anthropology (સામાજિક માનવશાસ્ત્ર)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો :** ૫૦ **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો :** ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. સામાજિક માનવશાસ્ત્રનું સૌ પ્રથમ નામાભિધાન કોણે અને ક્યારે કર્યું ?
   [A] ઇવાન્સ પ્રિચાર્ડ – 1908 [B] જેમ્સ ફ્રેઝર - 1908 [C] હોવેલ – 1908 [D] ક્રોબર - 1908
2. સામાજિક માનવશાસ્ત્ર ક્યા માનવશાસ્ત્રની પેટા શાખા છે ?
   [A] માનવ જાતિવિજ્ઞાન [B] શારીરિક માનવશાસ્ત્ર [C] સાંસ્કૃતિક માનવશાસ્ત્ર [D] એક પણ નહી
3. " માનવીની સામાજિક સંસ્થાઓનો,સમૂહોનો,વર્તનોનો તેમજ સંપૂર્ણ સમાજરચનાઓનો સમગ્રલક્ષી અભ્યાસ કરતું વિજ્ઞાન એટલે સામાજિક માનવશાસ્ત્ર."---એવી સમીક્ષાત્મક વ્યાખ્યા આપનાર વિદ્વાન....
   [A] ડૉ.સંગવે [B] ડૉ.હોબેલ [C] ડૉ.ચાર્લ્સ [D] ડૉ.રાલ્ફ
4. સામાજિક માનવશાસ્ત્રની આગવી સંશોધન પધ્ધતિ [અભ્યાસ પધ્ધતિ] શેના ઉપર આધારિત છે ?
   [A] કમ્પ્યુટર [B] ગ્રંથાલય [C] એક પણ નહીં [D] ક્ષેત્ર નિરિક્ષણ
5. ' Anthropos ' અને 'logos' આ બે શબ્દો કઈ ભાષાના છે ?
   [A] ગ્રીક [B] જર્મન [C] અંગ્રેજી [D] એક પણ નહી
6. ભૂતકાલીન બનાવો,પ્રક્રિયાઓ કે ઘટનાઓને લગતી માહિતી એટલે.....
   [A] ઐતિહાસિક માહિતી [B] અવૈજ્ઞાનિક માહિતી [C] વર્તમાન માહિતી [D] એક પણ નહી
7. કોઈ બે વિભિન્ન સમાજો,સંસ્થાઓ અને સંસ્કૃતિ વચ્ચેની સામ્યતા અને ભિન્નતા શોધવા માટેની અભ્યાસ પધ્ધતિ..
   [A] પ્રયોગ પદ્ધતિ [B] કાર્યાત્મક પદ્ધતિ [C] તુલનાત્મક પદ્ધતિ [D] એક પણ નહી
8. " સમગ્ર સમાજનું રચનાતંત્ર કાર્યાત્મક એકતા ધરાવે છે ."....એવું દર્શાવનાર સામાજિક માનવશાસ્ત્રી....
   [A] રેડક્લીફ બ્રાઉન [B] વેસ્ટર માર્ક [C] ડોન માર્ટિંડલ [D] જહોનસન
9. રચનાતંત્રીય-કાર્યાત્મક પદ્ધતિમાં સામાજિક વ્યવસ્થાના ક્યા પાસાનું નિરીક્ષણ કરવામાં આવે છે ?
   [A] રચાનાતંત્રીય પાસાનું [B] કાયાર્ત્મક પાસાનું [C] રચના અને કાર્ય બંને પાસાનું [D] એક પણ નહીં
10. સામાજિક માનવશાસ્ત્ર અતિઆદિમ અર્થાત્ પ્રાગ-ઐતિહાસિક યુગના માનવકુળ અને તેની સભ્યતા તથા સંસ્કૃતિના અભ્યાસ માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરે છે ?
    [A] ઐતિહાસિક પધ્ધતિ [B] કાર્યાત્મક પધ્ધતિ [C] પુરાતત્વશાસ્ત્રીય પધ્ધતિ [D] તુલનાત્મક પધ્ધતિ
11. પુરાતત્વશાસ્ત્રીય પદ્ધતિની મદદથી ગુજરાતના ક્યા સ્થળેથી સીન્ધુખીણની સંસ્કૃતિ અને સભ્યતાના અવશેષો મળે છે?
    [A] હડપ્પા [B] લોથલ [C] પાટણ [D] મોહેંજો દડો
12. સામાજિક માનવશાસ્ત્રનું જ્ઞાન કઈ સમસ્યાઓના નિવારણમાં ઉપયોગી બને છે ?
    [A] જાતિવાદની સમસ્યા [B] ઔદ્યોગિક સમસ્યા [C] યુધ્કાલીન સમસ્યા [D] ઉપરોક્ત ત્રણેય
13. ભારતમાં માનવશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ કોની દેણગી છે ?
    [A] પશ્ચિમી [B] કુદરતી [C] પૂર્વની [D] દક્ષિણી
14. ભારતીય માનવશાસ્ત્ર કેટલી સદીનો ઈતિહાસ ધરાવે છે ?
    [A] એક [B] બે [C] ત્રણ [D] ચાર
15. ભારતમાં સામાજિક માનવશાસ્ત્ર માટે ઈ.સ.1920થી ઈ.સ.1949નો સમયગાળો ક્યા તબક્કા તરીકે ઓળખાય છે ?
    [A] વિકાસના તબક્કા [Development phase] [B] આરંભિક તબક્કા [Exploratory phase]
    [C] વિભેદનના તબક્કા [Diverification phase] [D] ત્રણેય તબક્કા તરીકે
16. ડૉ.એલ.પી.વિદ્યાર્થી ભારતમાં સામાજિક માનવશાસ્ત્ર માટે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ઈ.સ.1950થી પછીનો સમયગાળો ક્યા તબક્કા તરીકે ઓળખાવે છે ?
    [A] વિકાસના તબક્કા [Development phase] [B] આરંભિક તબક્કા [Exploratory phase]
    [C] ઉદ્ભવનો તબક્કો [Origin phase] [D] વિશ્લેષણ તબક્કા
17. ઇંગ્લેન્ડની લિવરપુલ યુનિવર્સીટીમાં કોને અને ક્યારે સામાજિક માનવશાસ્ત્રના માનદ્ પ્રોફેસર બનાવવામાં આવ્યા ત્યારથી આ વિષયને સામાજિક સ્વીકૃતિ મળી ?
    [A] અંનતકિશ્ન ઐયર-1920 [B] સર જેમ્સ ફ્રેઝર-1908 [C] સર વિલિયમ જોન્સ-1774 [D] એડવર્ડ ટાયરેલ લીથ-1886
18. કોણે અને ક્યારે 'એશિયાટીક સોસાયટી ઓફ બંગાળ'ની સ્થાપના કરી ?
    [A] અંનતકિશ્ન ઐયર-1920 [B] સર જેમ્સ ફ્રેઝર-1908 [C] સર વિલિયમ જોન્સ-1774 [D] એડવર્ડ ટાયરેલ લીથ -1886
19. 1891માં બ્રિટીશ સરકારે સેન્સસ કમિશનર તરીકે કોને નીમ્યા ? આ નિમણુંકને ભારતીય માનવશાસ્ત્રમાં એક મહાન કદમ ગણવામાં આવ્યું છે.
    [A] હર્બર્ટ રીઝલે [B] સર જેમ્સ ફ્રેઝર [C] સર વિલિયમ જોન્સ [D] એડવર્ડ ટાયરેલ લીથ
20. "ભારતમાં જ્ઞાતિવ્યવસ્થાનો જાતીય આધાર"-વિષય પર 1924 માં હાર્વર્ડ યુનિવર્સીટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવનાર ભારતીય માનવશાસ્ત્રી.....
    [A] અંનતકિશ્ન ઐયર [B] બી.એસ.ગુહા [C] એલ.પી.વિદ્યાર્થી [D] એસ.સી.રોય [રાંચીના વકીલ]

21. ક્યા ભારતીય સમાજશાસ્ત્રીએ " દક્ષિણ ભારતના ફૂર્ગ લોકોમાં ધર્મ અને સમાજ "ના અભ્યાસમાં રચના-કાર્યવાદી અભિગમ અપનાવ્યો,જે તેમનો અભ્યાસ **પ્રશિષ્ટ કૃતિ** તરીકે પ્રખ્યાત બન્યો છે ?

[A] ડૉ.અંનતકૃિશ્ન ઐયર [B] શ્રી બી.એસ.ગુહા [C] ડૉ.એમ.એન.શ્રીનિવાસ [D] ડૉ.એસ.સી.રોય

22. ઘણાં વિદ્વાનો ક્યા બે સામાજિક વિજ્ઞાનોને ' **જોડકી બહેનો**' તરીકે ઓળખાવે છે ?

[A] રાજ્યશાસ્ત્ર અને સામાજિકમાનવશાસ્ત્ર [B] અર્થશાસ્ત્ર અને સામાજિકમાનવશાસ્ત્ર

[C] ઈતિહાસ અને સામાજિકમાનવશાસ્ત્ર [D] સમાજશાસ્ત્ર અને સામાજિકમાનવશાસ્ત્ર

23. 19મી સદીમાં 'સંસ્કૃતિ' શબ્દનો અર્થ ક્યા સંદર્ભે વપરાતો હતો ?

[A] બુદ્ધિ, કળા અને નીતિમત્તા [B] જીવનશૈલી [C] સામાજિક વારસો [D] સર્જનાત્મકતા

24. સંસ્કૃતિને " શીખેલા વર્તનની ઢબ " તરીકે ક્યા માનવશાસ્ત્રી ઓળખાવે છે ?

[A] ઈ.બી.ટાયલર [B] લીંટન [C] રોબર્ટ બર્સ્ટિડ્ટ [D] ક્યુબર

25. " સમાજના સભ્ય તરીકે આપણી વિચારવાની રીતો,પ્રવૃત્તિ કરવાની રીતો તથા આપણી પાસે જે કાંઈ છે તે બધા જટિલ જથ્થાનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે." .....એવી સંસ્કૃતિની વ્યાખ્યા આપનાર સમાજશાસ્ત્રી .....

[A] બ્રુમ અને સેલ્ઝ્નીક [B] લીંટન [C] રોબર્ટ બર્સ્ટિડ્ટ [D] ક્યુબર

26. " સાંકેતિક અનુભવો દ્વારા સર્જાયેલ અને સાતત્યની ક્ષમતા ધરાવતી બધી જ બાબતોનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે ."---- એવી સંસ્કૃતિની વ્યાખ્યા આપનાર સમાજશાસ્ત્રી .....

[A] બ્રુમ અને સેલ્ઝ્નીક [B] લીંટન [C] રોબર્ટ બર્સ્ટિડ્ટ [D] ક્યુબર

27. (1) સાર્વત્રિકતા અને ભિન્નતા (2) અમૂર્તપણું (3) માનવસર્જિત ઉદ્સેન્દ્રિય વાસ્તવિકતા (4) શીખેલા વર્તનની ઢબ (5) વૃદ્ધિ અને પ્રેષણા (6) સ્થિર અને પરિવર્તનશીલ (7) પ્રસરણ --- આ સાત લક્ષણો શેના છે ?

[A] સમુદાયના [B] પરિવર્તનના [C] સંસ્થાના [D] સંસ્કૃતિના

28. સંસ્કૃતિ પ્રેષણાની કેટલી રીતો છે ?

[A] એક [B] બે [C] ત્રણ [D] ચાર

29. ટાયલર એડવર્ડ બી. તેમના ક્યા પુસ્તકમાં સંસ્કૃતિ અંગેનો ખ્યાલ પ્રસ્તુત કર્યો છે ?

[A] ' The Scheduled Tribes ' [B] ' સોશ્યલ એન્થ્રોપોલોજી' [C] ' સાંસ્કૃતિક માનવશાસ્ત્ર' [D] 'પ્રીમિટીવ કલ્ચર '

30. ક્યા બ્રિટીશ માનવશાસ્ત્રીએ સુદાનના ન્યુઅર [**NUER**] જાતિના પશુપાલકોનો સામાજિક માનવશાસ્ત્રીય અભ્યાસ રચનાતંત્રીય ખ્યાલથી કર્યો છે ?

[A] ટાયલર એડવર્ડ બી. [B] બ્રોનિસ્લાવ મેલિનોવ્સ્કી [C] ઇવાન્સ પ્રિચાર્ડ [D] એ.આર.રેડક્લિફ-બ્રાઉન

31. સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત કોણે આપ્યો ?

[A] ઓગષ્ટ કોમ્પ્ટે [B] હર્બર્ટ સ્પેન્સર [C] સર આઇજેક ન્યૂટન [D] ચાર્લ્સ ડાર્વિન

32. હર્બર્ટ સ્પેન્સરના મતે, સામાજિક ઉત્ક્રાંતિનો કયો ક્રમ [નિયમ] યથાર્થ એટલે કે સાચો ?

[A] સામાજિક→જૈવિક→ભૌતિક [B] ભૌતિક →સામાજિક→જૈવિક

[C] જૈવિક→સામાજિક→ભૌતિક [D] ભૌતિક→જૈવિક→સામાજિક

33. " સુષુપ્ત વિકાસ ક્ષમતાઓનું આપમેળે પ્રગટ થવું."....એટલે ?

[A] ઉત્ક્રાંતિ [B] આત્મીકરણ [C] સાંસ્કૃતિક પ્રસરણ [D] સંસ્કૃતિગ્રહણ

34. પંડિત જવાહરલાલ નહેરુએ આદિવાસીઓ માટે આપેલા પાંચ સિદ્ધાંતોમાં સુગ્રથનની નીતિ અપનાવેલી હતી,જે સિદ્ધાંતો કઈ રીતે ઓળખાય છે ?

[A] અલગતા [B] ગતિશીલ [C] પંચશીલ [D] વિકાસશીલ

35. " લોકોની ભૌતિક જરૂરિયાતો સંતોષવા માટે,ઉત્પાદન અને તેની વહેંચણીને સંગઠિત અને નિયંત્રિત કરવા કરવા માટે તેમજ માલિકીના હક્કોને નક્કી કરવા માટેની વ્યવસ્થા એટલે અર્થવ્યવસ્થા."....એવી આદિમ અર્થવ્યવસ્થાની વ્યાખ્યા આપનાર વિદ્વાન ....

[A] એલ.પી.વિદ્યાર્થી [B] જ્યોર્જ ડાલટન [C] બિનયકુમાર રાય [D] રાલ્ફ પિડિંગ્ટન

36. અઠવાડિક બજારો આદિવાસી સંસ્કૃતિના _____ સમાન છે.

[A] એજન્ટ [B] વાહક [C] વેચાણ [D] દર્પણ

37. આદિવાસી સમુદાયમાં કેવા પ્રકારના યંત્રવિજ્ઞાનનો ઉપયોગ થાય છે ?

[A] આધુનિક [B] સાદા અને નિમ્ન [C] મધ્યમ [D] એક પણ નહીં

38. " રોકડ રકમ અને વસ્તુ ઉધાર લેવી,ઉધાર ખરીદવી,ભવિષ્યમાં અમુક વસ્તુ વેચાતી આપવાના બદલામાં તેનું અગાઉથી ચુકવણું મેળવવું અને મેળવેલી રકમનું વ્યાજ ચુકવવું."...એટલે શું ?

[A] મિલકત [B] દેવું [C] વિનિમય [D] ઉત્પાદન

39. આદિવાસી અર્થવ્યવસ્થા _____ છે ?

[A] નિર્વાહલક્ષી [B] બચત અને નફાલક્ષી [C] બજારલક્ષી [D] મુડીવાદી

40. આદિવાસી સમાજની અર્થવ્યવસ્થામાં સાદું શ્રમવિભાજન હોય છે,જેમાં કાર્યોની વહેંચણી ક્યા આધારે થાય છે ?

[A] કૌશલ્યોના આધારે [B] શિક્ષણના આધારે [C] બુદ્ધિના આધારે [D] વય અને લિંગના આધારે

41. " વસ્તુઓનું આદાન-પ્રદાન કે પારસ્પારિક બદલો આપવાની પ્રવૃત્તિ એટલે _____ ."

[A] મિલકત [B] દેવું [C] વિનિમય [D] ઉત્પાદન

42. આદિવાસીઓના સ્થાનિક વિસ્તારોમાં અમુક ચોક્કસ દિવસે અને ચોક્કસ ભરાતી બજારોને શું કહેવાય ?

[A] હાટ [B] શાન્ડી [C] પીઠા [D] ઉપરોક્ત ત્રણેય

43. આદિવાસી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનનું એકમ _____છે ?

[A] કુટુંબ [B] કારખાનું [C] આધુનિક ટેકનોલોજી [D] બજાર

44. ભારતના આદિવાસીઓનું જાતીય પાયા પરનું[I elementsRacia] વર્ગીકરણ કયા વિદ્વાનોએ આપ્યુ છે ?

[A] રામકિશ્ન મુખર્જી,સંગવે અને શ્રીનિવાસ [B] ઇવાન્સ પ્રિચાર્ડ,હોવેલ અને ક્રોબર

[C] મજુમદાર અને મદન [D] રીઝલે,ગુહા અને હટ્ટન

45. ભારતમાં ભૌગોલિક દ્રષ્ટિએ કયો આદિવાસી વિસ્તાર સૌથી મોટો છે? અને તેમાં સૌથી વધુ આદિવાસી વસ્તી છે ?

[A] ઉત્તર-ઉત્તર પૂર્વ વિસ્તાર [B] મધ્ય વિસ્તાર [C] દક્ષિણ વિસ્તાર [D] એક પણ નહી

46. ચામડીનો રંગ પીળો નાક,નાનું તથા પહોળું ,માથું લાંબુ,નાના કદથી માંડીને મધ્યમ કદ હોય તેવા શારીરિક લક્ષણો ધરાવતા આદિવાસીઓ કયા જાતિ તત્વો ધરાવે છે ?

[A] પ્રોટો- ઓસ્ટ્રોલોઈડ [B] મેંગોલ જાતિ [C] નીગ્રેટો [D] એક પણ નહી

47. ચામડીનો રંગ કાળો,નાક ચપટું અને પહોળું,માથું લાંબુ,હોઠ મોટા અને જાડા હોય તેવા શારીરિક લક્ષણો ધરાવતા આદિવાસીઓ કયા જાતિ તત્વો ધરાવે છે ?

[A] પ્રોટો- ઓસ્ટ્રોલોઈડ [B] મેંગોલ જાતિ [C] નીગ્રેટો [D] બધા જ પ્રકારના

48. ભારતની સમગ્ર વસ્તીને ભાષાના પાયા પર કેટલા ભાષાકુળમાં વહેચવામાં આવે છે ?

[A] એક [B] બે [C] ત્રણ [D] ચાર

49. પંજાબી ,સિંધી ,હિંદી ,ગુજરાતી ,બિહારી ,બંગાળી ,આસામી ,રાજસ્થાની ,મરાઠી ,કોંકણી ,ઉડિયા વગેરે ભાષાઓનો સમાવેશ કયા ભાષાકુળમાં થાય છે ?

[A] આર્યન [ઇન્ડો-યુરોપિયન] ભાષાકુળ [B] દ્રાવિડીયન ભાષાકુળ

[C] કીરાત [સીનો તિબેટન] ભાષાકુળ [D] એક પણ નહીં

50. તામીલ , કોલામી,ગોંડી ,ટોડા ,કોટાડુ ,મલયાલમ ,કન્નડ ,તેલુગુ ,કુરૂલ વગેરે ભાષાઓનો સમાવેશ કયા ભાષાકુળમાં થાય છે ?

[A] આર્યન [ઇન્ડો-યુરોપિયન] ભાષાકુળ [B] દ્રાવિડીયન ભાષાકુળ

[C] કીરાત [સીનો તિબેટન] ભાષાકુળ [D] એક પણ નહીં